

* એક સમયનો વિકૃતભાવ છે, તેનાથી રહિત આખી ચીજ પડી છે. વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો! વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૧૫) * આત્મધર્મ * (અંક-૭ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૧ જાન્યુઆરી, ૧૯૯૫

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જો સિદ્ધ હો ચૂકે હૈં, ભવિષ્યમેં હોંગે ઔર વર્તમાનમેં હોતે હૈં, વે સબ નિશ્ચયસે આત્મદર્શનસે હી સિદ્ધ હુએ હૈં—યહ ભ્રાંતિરહિત સમજો. ૪૦૫. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૦૭)

* શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સાથે અણમળતા જે રાગાદિ અશુદ્ધભાવ, શરીર આદિ, સુખદુઃખ આદિ નાના પ્રકારના અશુદ્ધ પર્યાયો, તે બધાં જીવદ્રવ્યસ્વરૂપ નથી. કેવા છે અશુદ્ધભાવ? મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સાથે મળતા નથી. શા કારણથી? કારણ કે નિજસ્વરૂપને અનુભવતાં, જેટલા છે રાગાદિ અશુદ્ધ વિભાવપર્યાયો તે મને પરદ્રવ્યરૂપ છે, કેમ કે શુદ્ધ ચૈતન્યલક્ષણ સાથે મળતા નથી, તેથી સમસ્ત વિભાવ પરિણામ હેય છે. ૪૦૬.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૮૫)

* હું પરનો નથી, પર મારાં નથી, હું એક જ્ઞાન છું' એમ જે ધ્યાવે છે, તે ધ્યાતા ધ્યાનકાળે, આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે. ૪૦૭.

(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૧૯૧)

* નખથી માંડીને શિખા સુધી આ આખા દેહમાં હું જ નર-ચેતનરૂપ વસુ છું. જે ક્ષણે હું મને જ જોઉં છું તે ક્ષણે હું ચેતનભૂપ છું. ૪૦૮. (શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૬૧)

* શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના (વિપરીત કલ્પના) તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે. સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. ૪૦૯.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૨)

* શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે—એમ અમે માનીએ છીએ. કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. ૪૧૦.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૬, ગાથા-૫૭)

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૭
[ ૬૧૫ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
JAN.
A. D. 1995

# 卐 તું મોટો કે કર્મ મોટા ? 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫૫ )

જુઓ, આ ૭૮મી ગાથાનો મુખ્ય મુદ્દો એ છે કે મિથ્યાત્વથી ઉપાર્જન કરેલા કર્મોથી આ જીવ સંસાર-વનમાં ભ્રમણ કરે છે. તે કર્મોની શક્તિ કેવી છે તે કહેલું છે.

આગળ ૭૭ ગાથાની છેલ્લી લીટીમાં 'આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વથી પરાન્મુખ જે મિથ્યાત્વ છે તે ત્યાગવાયોગ્ય છે' એમ કહ્યું છે તે જ આ ૭૮ ગાથાનું મથાળું છે. આત્મજ્ઞાનની જ કિંમત છે, તેનાથી વિપરીત એવા પુણ્ય-પાપભાવ, શરીર, વાણી અને મનની કાંઈ કિંમત નથી. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની કિંમત છે. જે શુભરાગ ઊઠે છે તેની પણ જ્ઞાનીને કિંમત નથી. કારણ કે રાગ એ આત્માનું સ્વરૂપ નથી અને વાણી તો જડ છે તેની તો કિંમત હોય જ નહિ. એક આત્મજ્ઞાનની કિંમત છે.

આત્મજ્ઞાન વીતરાગ સમકિત સહિત છે અને મિથ્યાત્વ તો આત્મજ્ઞાનથી પરાન્મુખ છે. અખંડ આનંદકંદ આત્માના અનુભવ સહિત શ્રદ્ધા થાય તે વીતરાગ સમકિત છે અને આવું વીતરાગ સમ્યગ્દર્શન જેને નથી તેને આત્માના સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન નહિ હોવાથી શરીર, વાણી, મન અને વિકલ્પોમાં જ એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ વર્તે છે, તેના કારણે તેને કર્મો બંધાય છે. એ કર્મોની શક્તિ જીવને સંસારમાં રખડાવે છે.

कम्मई दिढ-घण-चिक्कणई गरुवई वज्ज-समाई ।
णाण वियक्खणु जीवडउ उप्पहि पाडहिं ताई ॥ ७८ ॥

અહીં કર્મોની શક્તિ બતાવી છે પણ તેનું મૂળ કારણ મિથ્યાત્વ છે. માટે ખરેખર જીવ મિથ્યાત્વથી રખડે છે એમ વજન લેવું. કર્મ બંધાણા તેમાં નિમિત્તરૂપ મિથ્યાત્વભાવ હતો. એ જ કર્મો જીવના સંસારપરિભ્રમણમાં નિમિત્ત થાય છે. માટે તેનું મૂળ મિથ્યાત્વ છે. પુણ્ય-પાપ, શરીર, વાણી, મન—તેમાં 'આ હું છું' એવી કિંમત આપીને જીવે મિથ્યાત્વકર્મ બાંધ્યું છે અને તેના ફળમાં એને રખડવું થાય છે. માટે મિથ્યાત્વ જ આકરાં ફળને દેનારું છે.

તે જ્ઞાનાવરણાદિ કર્મો જ્ઞાનાદિ ગુણથી ચતુર આ જીવને ખોટા માર્ગે લઈ જાય છે. જ્ઞાનાવરણ આદિ કહેતાં તેમાં આઠેય પ્રકારના કર્મો આવી જાય છે. **જ્ઞાનવિચક્ષણ** એટલે જ્ઞાન, દર્શન, વીર્ય સુખ આદિ અનંત ગુણ સંપન્ન આત્મા છે તેને ભૂલીને જે મિથ્યાત્વભાવ થયા છે તેનાથી બંધાયેલા કર્મો આવા જ્ઞાનવિચક્ષણ આત્માને ખોટા માર્ગે દોરી જાય છે. મિથ્યાત્વભાવથી બંધાયેલા ચીકણાં કર્મો વળી નવા ઉલટાં ભાવ થવામાં નિમિત્ત થાય છે. અરસ-પરસ એક-બીજાને નિમિત્ત થાય છે.

જેટલાં જોરથી ઊંધા માર્ગે પોતે વાળેલો એટલા જ જોરદાર કર્મો બંધાય છે કે જે ફરીને ઉલટાં માર્ગે જવાનું કારણ બને છે. આત્મા વિચક્ષણ તો એટલો છે કે એક સમયમાં કેવળજ્ઞાન લે એવો છે પણ તેણે એટલાં ઊંધા જોરથી ચીકણાં કર્મો બાંધ્યા છે કે તેના ઉદયકાળે ફરીને તે ઊંધો પડે છે. પહેલાં પોતે જ પોતાના સ્વભાવથી ઉલટાં માર્ગે જોરથી ચડયો હતો તેથી કર્મો પણ એવા જોરદાર બંધાયા કે જે તેને ખોટાં માર્ગમાં પતન થવાનું કારણ બને છે.

ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા છે. એક વિકલ્પ ઊઠે તેનો પણ એ સ્વામી નથી. તેમ જ જડની ક્રિયા—દેહ, વાણી, મનની ક્રિયાનો આત્મા સ્વામી નથી. આવા પોતાના સ્વભાવને તો જાણ્યો નહિ અને પોતાનું બધું જોર સ્વભાવથી ઉલટી માન્યતામાં વાપર્યું કે હું આ દેહરૂપ છું, ભાષા હું બોલું છું, મનની ક્રિયા મારી છે. આવા ઊંધા જોરથી બંધાયેલા આકરાં કર્મ તેને ખોટા માર્ગે જ પાડે છે. પોતે જ ભ્રમણામાં ચડી જાય છે. જ્ઞાનનો ઉઘાડ થોડો હોય અને રાગ પ્રમાણે શરીર પણ સુંદર મળ્યું હોય તો એને ભ્રમણા થઈ જાય છે કે 'હું કાંઈક છું.' મિથ્યામાર્ગે બાંધેલા કર્મ એને ફરી મિથ્યામાર્ગમાં પટકે છે—પછાડે છે.

પોતે જ્ઞાનવિચક્ષણ જીવડો, કેવળજ્ઞાનનો કંદ, પૂર્ણાનંદ પ્રભુ પોતાની ઊંધાઈથી

અલ્પજ્ઞાનના અભિમાન કરે છે, રાગના અને શરીરના અભિમાન કરે છે. સિદ્ધના જેવી અનંત સિદ્ધપર્યાય જેના પેટમાં રહેલી છે એવા પોતાના પરમાત્મસ્વભાવને નહિ સ્વીકારતા અલ્પજ્ઞાનના અભિમાનમાં છેતરાય છે. અલ્પજ્ઞાન જેવડો જ હું છું એવા મિથ્યા અભિપ્રાયમાં જોર આપીને આકરાં કર્મો બાંધ્યાં છે તે જ તેને ફરી ફરીને ખોટા માર્ગે પડવામાં નિમિત્ત થાય છે. તેથી કર્મ જીવને ખોટા માર્ગમાં પટકે છે એમ કહ્યું છે.

કર્મ કેવા છે?—દ્દઢ घनचिक्कणानि અર્થાત્ કર્મ બળવાન છે, ઘણાં છે અને ચીકણાં છે. અહીં કર્મને બળવાન કહીને મૂળ તો જીવના ઊંધા ભાવોનું બળવાનપણું બતાવવું છે. વર્તમાન દશામાં અલ્પજ્ઞાન હોવા છતાં જાણે એટલો જ હું જ્ઞાનવાન છું એમ માને, આ રાગાદિમાં મારે શુભભાવ જ વિશેષ છે પછી શું જોઈએ! અને આ મારા દેહ, વાણી ને મન પણ કેટલાં તંદુરસ્ત છે! એમ બળવાનપણે જેટલો મિથ્યાભાવને સેવ્યો છે એટલો જ કર્મોમાં બળવાન રસ પડયો છે. માટે કર્મો બળવાન છે તેમ કહ્યું છે.

જેની કિંમત ટાંકવી જોઈએ તેની કિંમત ન ટાંકી, હું તો જ્ઞાનાનંદસ્વરૂપ સહજાનંદ પ્રભુ છું એની કિંમત ટાંકીને સ્વરૂપનો અનુભવ કરવો જોઈએ તે ન કર્યો અને વર્તમાનમાં પ્રગટેલ અલ્પજ્ઞાન, રાગ અને શરીરાદિની કિંમત ટાંકી કે જેની કિંમત ખરેખર કાંઈ નથી. આવી પોતાની ઊંધી માન્યતાના જોરથી બળવાન કર્મો બાંધ્યા છે, ઘણાં કર્મો બાંધ્યા છે. વળી તે કેવા છે? કે જેનો વિનાશ કરવો અશક્ય છે એવા ચીકણાં છે, ભારે છે અને વજ્ર સમાન અભેદ્ય છે. આવા બધાં વિશેષણોવાળા કર્મ બંધાવામાં મૂળ શરૂઆતનું કારણ તો પોતાના ઊંધા અભિપ્રાયનું જોર છે. કેમ કે એવા જીવભાવરૂપ નિમિત્ત વિના કર્મના ઉપાદાનમાં એવા રસની યોગ્યતા જ ન હોય. ઊંધા અભિપ્રાયના જોર વિના એવા આકરાં કર્મ બંધાયા જ નહિ. માટે આમાં ભલે કર્મની શક્તિ લખી હોય પણ તે મિથ્યાત્વભાવની શક્તિનું જોર બતાવે છે એમ સમજવું.

અહો! જેના એક એક ગુણ અનંત અનંત મહિમાવંત છે. એક જ્ઞાનગુણમાં અનંતી કેવળજ્ઞાન પર્યાયની તાકાત પડી છે, એક દર્શનગુણમાં અનંતી દર્શન પર્યાયરૂપ, એક શ્રદ્ધાગુણમાં અનંત અવગાઢ સમકિતરૂપ, એક ચારિત્રગુણમાં યથાખ્યાત ચારિત્રની સ્થિરતારૂપ અનંતી પર્યાય રહેલી છે. આવા અનંતગુણના પિંડ ભગવાન આત્માને ભૂલીને વર્તમાન પર્યાય જેવડો જ પોતાને માની લીધો છે. ભૂતાર્થ ભગવાનને ભૂલીને અભૂતાર્થ પર્યાય, રાગ અને નિમિત્તમાં જોર આપ્યું છે તેથી આ મિથ્યા અભિપ્રાયના મિથ્યાપણા, ચીકણાપણાના કારણે કર્મો પણ

એવા ચીકણા અને જોરવાળા બંધાય છે. એ જ કર્મો તેને ફરી મિથ્યાત્વમાં નિમિત્ત થાય છે.

ભાવાર્થ:—આ આત્મા કેવો ચતુર છે? કે એક સમયમાં લોકાલોકને પ્રકાશવાવાળા કેવળજ્ઞાનાદિ અનંત ગુણોથી ચતુર છે. એક પર્યાયમાં લોકાલોકને જાણી શકે એવો ચતુર છે, એક સમયમાં સામાન્યપણે સર્વને જાણી લે એવો ચતુર છે. એક સમયમાં અનંત આનંદ પામે એવો આનંદિત છે છતાં તેનાથી એટલી જ વિરૂદ્ધ માન્યતાથી બંધાયેલા કર્મે આવા જીવને પણ સંસારમાં પાડી દીધો છે.

જ્ઞાનાનંદમય પ્રભુ એકલો શાંતરસનો કંદ છે પણ એના ઊંધા ભાવે બાંધેલા કર્મ એને ઊંધા ભાવમાં પટકી દે છે—જ્ઞાનાદિ ગુણોનું આચ્છાદન કરીને અભેદરત્નત્રય-રૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી વિપરીત ખોટા માર્ગમાં નાંખી દે છે. અર્થાત્ મોક્ષમાર્ગથી ભુલાવીને ભવ-વનમાં ભટકાવે છે. જુઓ! અહીં ભેદરત્નત્રયને મોક્ષમાર્ગ ન કહ્યો, એકલા અભેદરત્નત્રયને જ મોક્ષમાર્ગ કહ્યો છે અને અભેદરત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ ઉપાદેય છે એમ કહ્યું છે. જો કર્મ જ જીવને સંસારમાં રખડાવતા હોય તો અભેદ-રત્નત્રયને ઉપાદેય કરવાનો પ્રસંગ પણ જીવના હાથમાં ન રહે. માટે કર્મનું જોર નથી પણ પોતાના ઊંધા અભિપ્રાયના જોરથી પોતે સંસારમાં પટકાયો છે અને પોતે જ જો અભેદરત્નત્રય વડે નિજ આત્માને ઉપાદેય કરે તો સાંસારિક સર્વ ભાવો હેય થઈ જાય છે—આ અવકાશ રાખીને બધી વાત કરી છે.

ભગવાન આત્મા અનંત ગુણનો અભેદ પિંડ એકલો વીતરાગ વિજ્ઞાનઘન છે. તેમાં રાગના એક અંશનો કે અલ્પજ્ઞાનનો અવસર નથી. એ તો પૂરણ...પૂરણ...પૂરણ છે. એવા પૂરણની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે અભેદરત્નત્રય છે. આ રત્નત્રય જીવને મુક્તિનું કારણ છે અને તેનાથી વિપરીત શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જીવને ઊંધા માર્ગે લઈ જવાનું કારણ છે.

કોઈને એમ લાગે કે આજે કર્મનો વારો આવ્યો પણ કર્મનો વારો નથી આવ્યો. જીવે પોતે જ પોતાના અખંડ સ્વભાવને નહિ સ્વીકારતા વર્તમાન અલ્પજ્ઞ-પર્યાય, રાગ અને શરીરને જ હુંપણે સ્વીકાર્યા છે, તેને જ પોતાનું પૂરું સ્વરૂપ માન્યું છે. એ જ જીવનો મિથ્યાત્વભાવ છે. એ જ વજ્ર જેવા દૃઢ, ચીકણાં અને બળવાન ઉલટાં પરિણામથી જીવ સંસારમાં પટકાય છે.

અભેદરત્નત્રયથી વિપરીત ખોટા માર્ગની જે કિંમત કરાવે છે તે કર્મના ભાવ છે. અભેદ વસ્તુની કિંમત કરી નહિ અને રાગાદિની કિંમત કરી તેથી અભેદ વસ્તુ

હાથ ન આવી અને [રાગાદિરૂપ] સંસારમાં જ પોતે પટકાયો, ત્યારે તેને કર્મે પટક્યો એમ કહેવાય છે.

અભેદરત્નત્રય એ જ સાચો મોક્ષમાર્ગ છે. ભેદરત્નત્રયની અહીં વાત જ લીધી નથી. આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં સ્થિરતા કરતો નથી તેથી કર્મના નિમિત્તે પોતે નીચો પડી જાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાનની ખરી કિંમત છે તે કિંમત નહિ કરતાં જેણે બહુ જોરપૂર્વક શાસ્ત્રજ્ઞાન, શુભરાગ અને નિમિત્તની કિંમત કરી છે એ કિંમત તેને અભેદરત્નત્રય પ્રગટ થવા દેતી નથી. અર્થાત્ મિથ્યાદૃષ્ટિથી બાંધેલા આકરા કર્મ જીવને અભેદરત્નત્રયથી પાડી નાંખે છે. અહીં કર્મ અને ઊંધી માન્યતાને એક કરીને તેનું જોર બતાવ્યું છે.

ભગવાન આત્માની વસ્તુની કિંમત થવી જોઈએ, વસ્તુનું જ્ઞાન થવું જોઈએ અને વસ્તુમાં સ્થિરતા થવી જોઈએ. તેને બદલે પોતે જ બીજી વસ્તુની કિંમત કરી— શાસ્ત્રના જ્ઞાનની કિંમત કરી, વાણીની કિંમત કરી, શરીર અને સંયોગોની કિંમત કરી એટલે કે શરીર, વાણી આદિથી મારી મોટાઈ છે એમ માન્યું પણ હું મારા દ્રવ્યસ્વભાવથી મોટો છું એમ ન માન્યું એ જ જીવની ભૂલ છે. આ પોતાની ભૂલ જ એને નડી છે.

જીવે અજ્ઞાનદશામાં જોરદાર ઊંધા ભાવને સેવ્યો છે. જેવો પોતે વજ્ર જેવો દૃઢ, ઘન અને બળવાન છે તેનાથી ઊંધો પડ્યો એટલે ઊંધા ભાવ પણ એવા જોરદાર છે કે તેના નિમિત્તે બંધાતા કર્મો પણ એવા જોરદાર અને ચીકણાં હોય છે કે તે કર્મો જીવને ફરી સંસારમાં જોરથી પટકવામાં નિમિત્ત થાય છે. ખોટા કર્મો જીવને ખોટા માર્ગે લઈ જાય છે કેમ કે એ ખોટા ભાવથી જ બંધાયા હતા. જેને આત્માનું લક્ષ નથી તે ખોટા માર્ગે જ જાય છે. જીવ પોતે જ ખોટા માર્ગે જાય છે પણ તેમાં કર્મનું નિમિત્ત હોય છે. જીવ પોતે સ્વભાવનું લક્ષ કરે તો કર્મ કાંઈ પરાણે તેને ખોટા માર્ગે લઈ જઈ શકતાં નથી.

અહીં આ અભિપ્રાય છે કે સંસારના કારણ જે કર્મ અને તેના કારણ જે મિથ્યાત્વ રાગાદિ પરિણામ છે તે બધાં હેય છે તથા અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે તે ઉપાદેય છે. અખંડાનંદ પ્રભુ આત્માની અંતરદૃષ્ટિ કરી આ કર્મોને હેય જાણ! કર્મ અને શરીર, રાગાદિને ઉપાદેય માન્યા હતાં તેથી જ તારે સંસારમાં રખડવું પડ્યું છે હવે તેને હેય કરવા એ તારું કામ છે. એ તારો અધિકાર છે. કર્મના ઉદયમાં તારું લક્ષ જતું હતું તે લક્ષને હવે આત્મામાં લઈ આવ! કર્મ તો જડ છે તે તને કાંઈ કરી

શકતાં નથી પણ તેં જ તેને ઉપાદેય માન્યા હતાં તેથી રખડવું પડ્યું. હવે આત્માને ઉપાદેય કર અને કર્મને હેય કર તો તારું રખડવું મટી જાય.

આ કર્મ મને રખડાવે છે એવી પરાધીનતામાં તું કેમ રાજી થાય છે! તું મોટો કે કર્મ મોટા? જડકર્મ તને મારે કે તું તારા ઊંધા ભાવથી મરે ત્યારે જડકર્મને નિમિત્ત કહેવાય! કર્મ બંધાવામાં તારા ઊંધા ભાવનું નિમિત્ત હતું અને તેના ઉદય-કાળે તેં તેને નિમિત્ત બનાવીને કર્મને મોટપ આપી છે તેથી તે નવા-નવા બંધાય છે માટે હવે કર્મનું ઉપાદેયપણું છોડ અને આત્માને ઉપાદેય બનાવ! તું જેને ઉપાદેય માનીને રખડ્યો તેણે તને રખડાવ્યો એમ કહેવામાં આવ્યું છે. હવે તું તારા અધિકારથી તેને હેય જાણ. કર્મને ઉપાદેય તેં જ માન્યા હતા માટે તું જ તેને હેય કર તો થાય, અર્થાત્ આત્માને ઉપાદેય કર તો કર્મ હેય થઈ જશે.

ભગવાન આત્મા એકસ્વરૂપે અનંતગુણની રાશિ ધ્રુવરૂપે બિરાજમાન છે તેની અંતરમુખ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં સ્થિરતા તે સમ્યક્‌ચારિત્ર છે. આ અભેદરત્નત્રય છે તે જ પ્રગટ કરવા માટે ઉપાદેય છે. ખરેખર તો પોતાનું દ્રવ્ય ઉપાદેય છે પણ મિથ્યાત્વાદિ ભાવને હેય કરીને સમ્યક્ત્વાદિને પ્રગટ કરવા માટે ઉપાદેય કહ્યાં છે.

અહીં તો અગિયાર અંગ ને નવપૂર્વના ભણતરની પણ કાંઈ કિંમત નથી. ફૂટી બદામ જેટલી પણ એની કિંમત નથી. ચૈતન્ય આગળ વ્યવહાર શ્રદ્ધા, રાગની મંદતા કે પરલક્ષી જ્ઞાન આદિ કોઈની કાંઈ કિંમત નથી. અહીં તો અભેદરત્નત્રયની કિંમત છે. માટે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા જ પ્રગટ કરવા લાયક છે. વ્યવહારરત્નત્રય પણ સાથે હોય પણ તે ઉપાદેય નથી.

આ તો પરમાત્મપ્રકાશ છે. આત્મા પોતે જ પરમાત્મા છે. કેમ કે આત્મવસ્તુના એક અંશમાં પણ ખોડ-ખાંપણ નથી. આવા પરમાત્મસ્વરૂપ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ અભેદરત્નત્રય પ્રગટ કરવા લાયક છે. એ જ મોક્ષનું ખરું કારણ છે.

જુઓ! આ ગાથામાં શરૂઆતમાં અને અંતમાં બધે આત્મા જ આવ્યો છે. ઊંધાઈમાં પણ આત્મા છે અને સવળાઈમાં પણ આત્મા છે. કર્મ તો નિમિત્તમાત્ર છે માટે કર્મને વચ્ચે લઈશ નહિ. એક નાનો છોકરો પણ ગાળ દઈ જાય તે પોષાતું નથી તો કર્મ તને રખડાવે છે એ વાત કેમ પોષાય છે! કર્મ મને કાંઈ કરી જ ન શકે, હું જ મારા ઉલટાં પુરુષાર્થથી રખડ્યો છું એમ સમજને! કર્મે તને મારી નથી નાખ્યો પણ તેં જ ઊંધા પુરુષાર્થથી તારા ચૈતન્યજીવનને મારી નાખ્યું છે. પોતાના સ્વભાવને માન્યો નહિ અને અલ્પજ્ઞાન, વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામને જ સર્વસ્વ

માનીને તેં તારા ચૈતન્યજીવનને રેંશી નાખ્યું છે. તેનાથી કર્મ બંધાય છે માટે તે કર્મથી તું રખડયો છો એમ કહેવાય છે.

કર્મે રખડાવ્યો એ વાત શાસ્ત્રમાં આવે ત્યાં તેને એમ થાય કે જુઓ! મારી વાત આવી ને!...પણ ભાઈ! જડકર્મે તને મારી નાંખ્યો એ વાતમાં તું કેમ રાજી થાય છે? તારી ભૂલ થાય છે ભાઈ! હું ઊંધા શ્રદ્ધા, જ્ઞાનથી રખડયો છું એમ જાણ તો આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા વડે ચૈતન્યજીવન પ્રાપ્ત કરી શકીશ. તારે તો એક અભેદરત્નત્રય જ ઉપાદેય કરવા યોગ્ય છે. બાકી બધું થોથાં છે.

લોકોને એમ લાગે કે તમે વ્યવહારનો ઉપદેશ આપતાં નથી. પણ વ્યવહાર કયાં ઉપાદેય છે! વ્યવહાર તો વચ્ચે આવે જ છે, ન આવે એમ નથી પણ તેની હોંશ શી! નિશ્ચયદૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતામાં પૂર્ણતા ન થાય ત્યાં સુધી વચ્ચે વ્યવહાર આવે જ છે પણ તેની હોંશ શી? વ્યવહારની હોંશ છે તેને સ્વભાવનો આદર નથી. વ્યવહારનું જોર દેવા જઈશ કે જુઓ! 'આવો વ્યવહાર હોય તો નિશ્ચય હોય'—તો એ જોર ખોટું છે.

વીતરાગમારગ કોઈ અજબ છે! તે કાંઈ લાલા-પેથાનો માર્ગ નથી. વ્યવહાર-નયનો ઉપદેશ આવે પણ તે 'વ્યવહાર છે' એમ જણાવવા માટે છે, ઉપાદેય કરવા માટે કે હોંશ કરવા માટે નથી. આચાર્યદેવ કહે છે શુભાશુભભાવને હું કરતો નથી, કરાવતો નથી અને કરતાં હોય તેને અનુમોદતો નથી કેમ કે એ ભાવમાં તો દુઃખ છે.

ઉપદેશકર્તા પણ આત્મા નથી. વાણી તો જડ છે તેને આત્મા કરતો નથી.

ઉપાદેય એક આત્મા જ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આત્મા ઉપાદેય થાય છે માટે અભેદરત્નત્રય પ્રગટ કરવાયોગ્ય છે.

હવે ૭૯ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે મિથ્યાત્વપરિણતિથી આ જીવ તત્ત્વને યથાર્થ જાણતો નથી, વિપરીત જાણે છે. જુઓ! અહીં મિથ્યાત્વપરિણતિને કારણે જીવ તત્ત્વને યથાર્થ જાણતો નથી એમ લીધું, કર્મના કારણે જાણતો નથી એમ નથી.

जिउ मिच्छत्तें परिणमिउ विवरिउ तच्चु मुणेइ ।
कम्म-विणिम्मिय भावडा ते अप्पाणु भणेइ ॥ ७९ ॥

આ જીવ અતત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણત થયો થકો આત્માથી માંડીને બધાં તત્ત્વોના સ્વરૂપને અયથાર્થ માને છે આત્માના પરમાત્મસ્વરૂપને ઓળખતો નથી, રાગમાં ધર્મ માને છે, અલ્પજ્ઞદશાને જ પૂર્ણ માને છે, નિમિત્તથી મને લાભ-નુકશાન થાય છે એમ બધું વિપરીત માને છે. વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું જ છે. આત્મા પૂર્ણાનંદ

જ્ઞાયક છે, શરીર કર્મ અને વિકારથી રહિત છે, એક સમયની પર્યાય જેવડો પણ નથી છતાં મિથ્યાદષ્ટિ પર્યાયને જ આખો આત્મા માની લે છે. આત્માને શરીરના સંયોગવાળો અને રાગી-દ્વેષી માને છે. એવું આત્માનું સ્વરૂપ નથી.

વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ છે. આત્મા જ્ઞાયક જ છે, પુણ્ય-પાપના વિકલ્પો મલિન જ છે, જડકર્મોનું બંધન, ઉદય આદિ જડ વસ્તુ જેમ છે તેમ જ છે પણ મિથ્યાદ્રષ્ટિજીવ તેને વિપરીત માને છે. પોતાનું આત્મસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાદિ સહિત છે તેને મિથ્યાત્વ અને રાગાદિરૂપ જાણે છે. આત્મા તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ ભૂતાર્થ છે તેને બદલે અલ્પજ્ઞાન કે જે સમય પૂરતુ છે, અભૂતાર્થ છે, તેને જ ભૂતાર્થ આત્મા માને તે મિથ્યાદ્રષ્ટિ છે. પૂર્ણ દર્શન, જ્ઞાન, વીર્યાદિના ધણીને અલ્પ જ્ઞાન, દર્શન, વીર્યવાળો માને છે તે આત્માને મિથ્યાત્વસહિત માને છે.

મિથ્યાત્વના કારણે રચાયેલાં કર્મથી જે શરીરાદિ પરભાવ મળ્યા છે તેને પોતાના માને છે અર્થાત્ ભેદવિજ્ઞાનના અભાવથી રૂપાળા, કાળા, સ્થૂળ, કૃષ આદિ કર્મજનિત દેહના સ્વરૂપને પોતાનું જાણે છે, હું ગોરો છું માટે બીજાથી અધિક છું, હું દુર્બળ છું માટે બીજાથી હીણો છું—એ વગેરે માન્યતા મિથ્યાદષ્ટિના કારણે થઈ રહી છે.

હું રૂપાળો છું, બળવાન છું, સુરૂપ છું માટે તમે પણ મને એવો માનો—એમ મિથ્યાત્વમાં કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણેય ભાવ રહેલાં હોય છે.

આમ, મિથ્યાત્વના કારણે જીવ તત્ત્વોના સ્વરૂપને યથાર્થ જાણતો નથી, અયથાર્થ માને છે તેથી સંસારમાં ભ્રમણ કરે છે. કર્મ તેને ભમાવતું નથી.

ભાવાર્થ :—અહીં કર્મોથી ઉપજેલાં ભાવોથી ભિન્ન જે શુદ્ધ આત્મા છે તેનાથી જે સમયે રાગાદિ દૂર થાય છે તે કાળે આત્મા ઉપાદેય છે. શું કહે છે?—કે માત્ર આત્મા ઉપાદેય છે એમ બોલવાથી કે વિકલ્પ કરવાથી આત્મા ઉપાદેય થતો નથી કેમ કે વાણી અને વિકલ્પ જીવના નથી. જ્યારે જે સમયે શુદ્ધ જ્ઞાયકની દૃષ્ટિ અને અનુભવ થાય છે તેમાં એકાકાર થાય છે તે કાળે આત્મા ઉપાદેય છે. પાઠમાં જ છે કે **रागादिनिवृत्तिकाले** એટલે રાગથી છૂટો પડીને આત્માને અનુભવે છે તે કાળે આત્મા ઉપાદેય થયો કહેવાય છે. કેમ કે ત્યારે જ આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે.

[ ક્રમશઃ ]

# □ વીતરાગી સંતોનો પોકાર □

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૨ )

શ્રી નાટક સમયસારનો અજીવદ્વાર છે. તેમાં પ્રથમ શ્લોકમાં બનારસીદાસજી અજીવ અધિકાર વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે.

जीव तत्त्व अधिकार यह, कह्यौ प्रगट समुझाय ।
अब अधिकार अजीवकौ, सुनहु चतुर चित्त लाय ॥ १ ॥

પ્રથમ અધિકાર જીવતત્ત્વનો સમજાવ્યો, હવે અજીવ અધિકાર કહે છે તેને હે વિદ્વાનો ! મન દઈને સાંભળો.

હવે મંગલાચરણમાં ભેદવિજ્ઞાનદ્વારા પ્રાપ્ત પૂર્ણજ્ઞાનને વંદન કરે છે.

परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी बिभावता विदारी है ।
भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है ॥
करमको नासकरि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता संभारी है ।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौं वंदना हमारी है ॥ २ ॥

તીર્થંકરના વજીર એવા ગણધર જેવી દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરીને, અનાદિકાળથી લાગેલ મોહ—અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યું અને ભેદજ્ઞાનની દૃષ્ટિથી જ્ઞાનની શક્તિ સિદ્ધ કરીને જીવ-અજીવનો નિર્ણય કર્યો. અતીન્દ્રિય આનંદ સ્વભાવ તે જીવ અને પુણ્ય-પાપભાવ તે અજીવતત્ત્વ છે. આ બંનેને ભિન્ન પાડીને, ગણધર જેવી પરમ પ્રતીતિ ઉપજાવીને अंतर अनादिकी बिभावता विदारी है અનાદિનો જે મોહ તેનાથી પોતે જુદો પડીને સ્વરૂપનો અનુભવ કરે છે. અનાદિથી વિભાવમાં એકતાબુદ્ધિ હતી તે તોડી નાખી—નાશ કરી નાખી છે.

જુઓ ! આ જ કરવાનું છે. અજીવથી પોતાના જીવને જુદો પ્રતીતિમાં લઈને અનાદિનો મોહ નાશ કરવાનો છે. કેમ કે પોતાનો સ્વભાવ સુખરૂપ છે અને અજીવ

એવા જે પુણ્ય-પાપના ભાવ તે દુઃખરૂપ છે, આકુળતા છે, માટે તેનાથી ભેદજ્ઞાન કરવાનું છે. હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. એ વાત કોઈ અલૌકિક અને અપૂર્વ છે. નિજસ્વભાવની દૃષ્ટિપૂર્વક અજીવ એવા પર અને રાગને તેનાથી જુદા પાડી भेदज्ञान दृष्टिसौं विवेककी सकति साधि ચૈતન્યનો અનુભવ કરવો. આ અનુભવનો વારંવાર અભ્યાસ કરવાથી કર્મોનો નાશ થાય છે. અજ્ઞાન પૂર્વકના ઉપવાસ આદિના કષ્ટ કરવાથી કર્મ નાશ થતાં નથી.

ભગવાન આત્મા અંદરમાં ચૈતન્યના દળરૂપે પડયો છે પણ એને પોતાનું પૂર્ણસ્વરૂપ વિશ્વાસમાં આવતું નથી. અનાદિથી રાગ-દ્વેષ-મોહ અને અલ્પજ્ઞપણાના જોરમાં એની દૃષ્ટિ પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા ઉપર જતી નથી.

हिएमैं हरखि निज उद्धता सँभारी है । उद्धता એટલે ઉત્કૃષ્ટ-ઊંચામાં ઊંચો જે જ્ઞાનાનંદ સ્વભાવ તેનો અનુભવ કરીને, હૃદયમાં હર્ષિત થઈને પોતાની ઉત્કૃષ્ટતા સંભાળી જેથી અંતરાયરૂપ કર્મ નાશ પામ્યું અને શુદ્ધાત્માનો પ્રકાશ અર્થાત્ પૂર્ણજ્ઞાન અને આનંદ પ્રગટ થયો. સ્વરૂપની પ્રાપ્તિમાં જે વિઘ્નરૂપ હતો એવો રાગ નાશ થતાં શુદ્ધજ્ઞાનનો પ્રકાશ થયો. જગમગજ્યોતિએ ચૈતન્ય ભગવાન જાગ્યો, આનંદ સહિત જ્ઞાનની શુદ્ધતા જ્યાં પ્રગટ ગઈ એવા જ્ઞાનને મારા નમસ્કાર હો. પોતાની જ્ઞાનની ઋદ્ધિ અને સમૃદ્ધિથી જે ઊછળ્યો અને દશામાં પૂર્ણ જ્ઞાનાનંદ પ્રગટ થયો એ જ્ઞાનના વિલાસને મારા વંદન હો.

અજ્ઞાનીને પોષા અને પ્રતિક્રમણ આદિ કરવા સહેલાં લાગે છે પણ આ વાત સમજવી કઠણ થઈ પડી છે. પ્રતિક્રમણ એટલે વિભાવથી પાછા વળીને સ્વભાવમાં ઠરવું તે. પણ હજુ પોતે જાગ્યા વિના વિભાવથી પાછો કયાંથી વળે! ખરેખર પ્રગટરૂપ પરમાત્મા અને શક્તિરૂપ નિજાત્મામાં કાંઈ ફેર નથી એ વાત પહેલા સમજવાની છે.

આ તો અજીવ અધિકાર છે ને! પુણ્ય-પાપના અજીવભાવથી ભિન્ન પડીને સ્વભાવનું શરણ લે છે ત્યાં અંદરથી જ્ઞાનનો વિલાસ પ્રગટ થાય છે. અજીવ એવા પુણ્ય-પાપના વિલાસમાં હતો ત્યાં સુધી તેને દુઃખનું વેદન થતું હતું તેનાથી ભિન્ન પડીને જેવો પોતે છે તેવો અનુભવે છે ત્યાં આનંદિત થઈને આનંદનો અનુભવ કરે છે. કોઈ એમ કહે કે બહુ ઉપવાસ આદિ કષ્ટ સહન કરે, પાણીનો શોષ પડે પણ પીએ નહિ, તડકો વેઠે તેને ધર્મ વધારે થાય—પણ એમ ન બને. કષ્ટ સહે છે તેમાં આકુળતા છે તેનાથી ધર્મ અને આનંદ કેમ થાય! ધર્મ તો આનંદપૂર્વક થાય છે, તેમાં દુઃખ ન હોય. અજીવ રાગાદિથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરતાં કરતાં રાગનો તદ્દન નાશ

થઈ ને એકલી ચૈતન્યજ્યોતિ જાગૃત થઈ જાય છે તેને પૂર્ણ જ્ઞાનાનંદરૂપ ધર્મ પ્રગટ થયો;—એવા પૂર્ણજ્ઞાની પરમાત્માને હું વંદન કરું છું. આદર કરું છું.

હવે બીજા કળશમાં શ્રીગુરુ પારમાર્થિક શિક્ષા આપે છે.

भैया जगवासी तू उदासी व्हैकैं जगसौं,
एक छ महीना उपदेश मेरौ मानु रे ।
और संकलप विकलपके विकार तजि,
बैठिकै एकंत मन एक ठौरु आनु रे ।
तेरो घट सर तामैं तूही है कमल ताको,
तूही मधुकर व्है सुवास पहिचानु रे ।
प्रापति न व्हैहै कछु ऐसौ तू विचारतु है,
सही व्हैहै प्रापति सरूप यौंही जानु रे । ३ ।

ભૈયા! એમ સંબોધન કરીને બનારસીદાસજી લખે છે કે જગવાસી એટલે રાગ અને સંસારમાં રહેલો છે તેનાથી ઉદાસ થઈને એક છ માહિના મારો ઉપદેશ માન! છ મહિના અંતરમાં લઢણ કર! જેમ બદામનું તેલ કાઢવું હોય તો તેને એકધારું લસોટવું જોઈએ. બે-ચારવાર લસોટીને (ઘસીને) બીજું કામ કરવા લાગી જાય તો એમ તેલ ન નીકળે. તેમ આત્માની અનુભૂતિ કરવી હોય તો એકવાર છ માહિના સુધી આત્માના લક્ષને ઘસ! આમ તો સમ્યગ્દર્શન અંતર્મુહૂર્તમાં પણ થઈ જાય અને ન થાય તો અનંતકાળ પણ નીકળી જાય પણ અહીં તો મધ્યમ વાત કરીને એને વિસામો આપ્યો છે—એને આકરું ન લાગે એ રીતે વાત કરી છે. આ જુદાં જુદાં આઠ પ્રકારથી કોઈ અધ્યવસાનમાં આત્મા માને છે, કોઈ રાગમાં આત્મા માને છે વગેરે પ્રકારે આત્માના સ્વરૂપને મિથ્યા કલ્પે છે એ વાતની ગાથા પછીનો આ શ્લોક છે.

એક આત્માનો અનુભવ કર! એ સિવાય બધાં સંકલ્પ-વિકલ્પને છોડી દે. હું બીજાને સમજાવી દઉં, દુનિયાના કામ કરી દઉં એવા બધાં સંકલ્પ-વિકલ્પ છોડી દે. વિકલ્પ છે તે જ સંસાર છે તેને તો છોડે નહિ અને સ્ત્રી-પુત્રાદિને છોડે તેથી કાંઈ સંસાર છૂટતો નથી. જેને પંચમહાવ્રતના વિકલ્પ સાથે એકતાબુદ્ધિ છે તે પાકો સંસારી છે. પ્રવચનસારમાં કહ્યું છે કે આસ્રવ અને અજીવ બેમાં જેને એકત્વ છે તે પાકો સંસારી છે. આસ્રવ એટલે પુણ્ય-પાપના વિકલ્પ અને અજીવ એટલે આ શરીરમાં જેને એકતા છે તે સ્ત્રી-પુત્રાદિને છોડીને આવ્યો હોય તોપણ સંસારી છે.

જુઓ તો ખરા! કેટલી સગવડતા છોડીને આવ્યો, ગરમ ગરમ રસોઈ જમાડતાં,

અનેક જાતની અનુકૂળતા મળતી તે બધી ત્યાગીને આવ્યો છતાં સંસારી? હા! એ સંસારી જ છે. કેમ કે એ જેને છોડીને પોતે આવ્યો એમ માને છે એ તો બધાં પોતાથી છૂટાં જ હતાં, માત્ર તે અભિમાન કરે છે કે મેં છોડયાં. તેને તેમાં જે એકત્વબુદ્ધિ છે તે સંસાર છે. રાગના ઉદયભાવની એકતા તે સંસાર છે. તેનાથી હું છૂટો છું એમ ભાષામાં કહેવું સહેલું છે પણ અંતરથી વિરક્ત થવામાં ઘણો પુરુષાર્થ જોઈએ છે.

સંકલ્પ-વિકલ્પ વિકારને તજીને, એકાંતમાં બેસીને મનને એક આત્મા તરફ લાવ. આનંદસ્વરૂપ એક આત્મા જ છે તેમાં મનને જોડ. રમેશભાઈએ લખ્યું છે ને!

મનનાં મૃગલાંને પાછા વાળજો રે લોલ,
એ જોડી દ્યો આતમ સરોવરે આજ;
તને મળશે આતમસુખ અમૂલાં રે લોલ...

વ્યાખ્યાનમાં આવી હોય તે વાત ભજનમાં ગોઠવી દીધી છે. દેશી રાસના રાગમાં જોડી દીધું છે એટલે ગાવું પણ સહેલું પડે.

સંકલ્પ-વિકલ્પથી માંડીને આખી દુનિયા તારાથી જુદી છે અને તું એનાથી જુદો છો. તું તો આનંદનો સરોવર છો. तेरो घट सर तामैं तूही है कमल ताको तूही मधुकर व्है सुवास पहिचानु रे તું પોતે ચૈતન્યસરોવર છો. તેમાં તું જ કમળ છો અને તું જ ભમરો થઈને તેની સુગંધ લે. અનાદિથી તેં સંકલ્પ-વિકલ્પરૂપ ઝેરી ભાવોની સુગંધ લીધી છે તેને છોડીને હવે ચૈતન્યકમળની સુગંધ લે અને તેમાં જ લીન થઈ જા! તું તો આનંદનું નંદનવન છો એવા સ્વભાવની સુગંધ લે. શુદ્ધ જ્ઞાનઘન સરોવર છે તેમાં એકાકાર થવું તે કમળ છે, તેની સુગંધ લેવી તેનું નામ ધર્મ છે. ચૈતન્ય સરોવરને મૂકીને પુણ્ય-પાપના મૃગજળમાં પાણી પીવા દોડશે તેને સાચા જ્ઞાનનાં પાણી નહિ મળે.

અરે! પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પની આડમાં એ પોતાના ભગવાનને જોવા નવરો જ થતો નથી. તેને કહે છે...

મનના મૃગલાને પાછાં વાળજો રે લોલ...જોડી દ્યો આતમ સરોવર આજ, એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ...

ભગવાન! તું તો અતીન્દ્રિય આનંદથી ભરેલું સરોવર છો તેમાંથી પાણી પી પુણ્ય-પાપના વિકલ્પરૂપ ઝાંઝવાના જળ માટે દોડવું રહેવા દે કેમ કે આત્માની શાંતિનું પાણી ત્યાં તને મળવાનું નથી.

જુઓ! આ બોર્ડિંગ આદિના પૈસા ઉઘરાવવાના વિકલ્પ એ ઝાંઝવાના પાણી

છે એમ કહ્યું છે. આ મનુષ્યભવમાં પોતાની ચીજ શું છે તે સમજવાનો પ્રયત્ન ન કર્યો તો બધું ધૂળ ને ધાણી છે.

तेरो घट सर...અહા! બાળ-ગોપાળ બધાંના શરીરની અંદર અમૃતસરોવર છે. આ શરીર દેખાય છે તે તો મૃતક કલેવર છે, તેમાં ભગવાન આત્મા મૂર્છાણો છે તેથી દુ:ખી થાય છે. અમૃત હોવા છતાં મૃતકમાં મૂર્છાણો તેથી દુ:ખના વેદન છે. ભાઈ! તું જ સરોવર અને તું જ કમળ છો. આ કમળની ખીલવટમાં કારણ પણ તારું છે. આ કમળની સુવાસ તું જ લે તે તને સુખનું કારણ છે. પુણ્ય-પાપના વિકલ્પની વાસના તો અનંતવાર કરી છે તે કાંઈ નવી નથી. હવે કહે છે કે—

भैया जगवासी तू उदासी व्हैकै जगतसौं, एक छ महिना उपदेश मेरो मान रे

અનંતકાળમાં ઘણી હોળી તેં કરી, હવે એક છ મહિના મારો ઉપદેશ માનીને સાચી દિવાળી કર.

प्रापति न व्हैहै कछु एसौ तू विचारतू है, તું એમ વિચારવું રહેવા દે કે આ આત્મવસ્તુ મને નહિ મળે. તારી વસ્તુ તારાથી છુપી નહિ રહે. તું સાવધાન થઈને અંતરમાં જઈશ તો જરૂર તારી વસ્તુ તને મળી રહેશે. શુભ-અશુભભાવમાં તારી પ્રાપ્તિ નથી, તેનાથી રહિત સ્વભાવમાં તારી પ્રાપ્તિ છે માટે શુભાશુભભાવ વિના મારી પ્રાપ્તિ કેમ થાય એમ માનવું રહેવા દે. તું તેનાથી રહિત જ છો.

આ ધર્મ કઈ જાતનો, એવું લોકોને લાગે. પૈસા ખર્ચો...દાન કરો...વ્રત પાળો...કોલેજ બનાવો...દવાખાના બનાવો...ચંદા કરો તો ધર્મનો લાભ થાય એમ માને છે પણ ભાઈ! ધર્મનું સ્વરૂપ એવું નથી. આત્માનો ધર્મ આત્મામાં થાય છે. રાગથી આત્માને ધર્મ કે સુખ થતું નથી.

બહુ ટૂંકા શબ્દોમાં ભાવ ભરેલા છે. ભગવાન અંતરમાં સત્ ચિદાનંદસ્વરૂપ શાશ્વત વસ્તુ છે તેમાં આનંદ અને શાંતિ આદિની શક્તિ પડી છે તે કેમ પ્રાપ્ત ન થાય! જરૂર પ્રાપ્ત થાય જ. માટે નહિ મળે એવો વિચાર ન કર. નિયમથી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ.

'હું મને પ્રાપ્ત થઈશ કે નહિ' એવું તને શું થયું છે ભાઈ! એવી શંકા ન કર! 'હું નથી' એમ કહે છે તે કોની અસ્તિમાં ઊભો રહીને કહે છે? હું નથી એમ નિર્ણય કરનારો તો તું છો. ચૈતન્યની ભૂમિ તે જ તું છો અને તને તારી પ્રાપ્તિ પણ તારાથી જ થાય છે. તેની કળા તો સહેલી છે પણ એ કળાને તે સાંભળી નથી અને સાંભળી હોય તો પણ લક્ષમાં લીધી નથી. સાધુ થયો, બાવો થયો, ફકીર થયો, મરી જાય તેવા કષ્ટ

સહન કર્યાં, સૂકાઈ ગયો, ખૂલ્લાં પગે ચાલે, લોંચ કરે, તરસ્યો રહે પણ ભાઈ! આ ચીજ જ જુદી છે તેનું ભાન ન કર્યું. આ તારી ચીજ તો સહજ આનંદની મૂર્તિ છે.

પોતાનો સહજ સ્વભાવ આનંદમય છે તે દુઃખરૂપ નથી, અજીવરૂપ નથી, વિકલ્પરૂપ નથી. માટે તેને અજીવથી જુદો પાડી આનંદસરોવરમાં ખીલેલા કમળની સુગંધ તું ભમરો થઈને લે. સ્વભાવમાં ધ્રુવ આનંદ પડ્યો છે તેની સુવાસ લે. બહારમાં બહુ આબરૂ હોય તેની સુવાસ સારી છે એમ કહેવાય છે પણ એ સુવાસ નથી. પાગલ જેવા — સંસારની રુચિવાળા માણસો તારી મહિમા કરે અને અભિનંદન આપે તેમાં તારી સુવાસ નથી ભાઈ! તારી સુવાસ અને સારાપણું કોઈ જુદું જ છે.

અહીં તો એમ કહેવા માગે છે કે પુણ્ય-પાપભાવમાં સુખ નથી. કેમ કે એ અજીવભાવ છે, જાગતી ચૈતન્યજ્યોતનો એ ભાવ નથી. જેમ શરીર ભિન્ન છે તેમ આ ભાવ પણ તેમાં ચૈતન્યની જાગૃતિ નહિ હોવાથી તારા સ્વરૂપથી ભિન્ન છે. શરીર અને વિકલ્પથી ભિન્ન ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થાય અને સ્વરૂપ પ્રાપ્ત ન થાય એમ ન બને. સ્વરૂપ પ્રાપ્ત થાય જ. માટે પ્રાપ્ત થશે કે નહિ એવી શંકા છોડી દેજે.

**सहीं व्हैहै प्रापति सरूप यौंही जानु रे।** નિયમથી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ એ વિશ્વાસ રાખજે. આત્મસિદ્ધિનો એ જ ઉપાય છે. તેં અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિને આત્મસિદ્ધિનો ઉપાય માન્યો છે તે ઉપાય નથી.

આ પિંડસ્થ ધ્યાનની વાત છે. પિંડ એટલે શરીર, તેમાં રહેલા આત્માનું ધ્યાન કરવું તે મુક્તિનો ઉપાય છે.

જેને થોડા વખાણ થાય ત્યાં રાજી થઈ...સારો કહે ત્યાં ફૂલાય જાય તેને આ વાત કેમ બેસે!...પાંચ-પચીશ હજાર રૂપિયા થાય અને વાપરે અને મરવા ટાઈમે કોઈની પાસે સેવા કરાવ્યા વિના મરી જાય તો લોકો વખાણ કરે કે એણે તો જીવી જાણ્યું અને મરી પણ જાણ્યું. ભાઈ! એ જીવન નથી. જીવન એણે જીવી જાણ્યું કહેવાય કે જેણે આત્માના ચૈતન્ય આનંદના અનુભવથી જીવન જીવ્યું હોય; તેનું જીવન સફળ છે. છોકરા થાય, પૈસા થાય, મકાન થાય, આબરૂ થાય એમાં જીવનની સફળતા નથી, એમાં તો આકુળતા છે.

અહો! ચૈતન્યભગવાન એક વસ્તુ છે માટે તેમાં અનંત અનંત ગુણ અથવા શક્તિ છે. સમયસારમાં ૪૭ શક્તિ કહી છે એવી અનંત શક્તિનો આત્મા સરોવર છે. તેની દૃષ્ટિરૂપ કમળ ખીલતાં જે શુદ્ધતાની સુવાસ પ્રગટે તેનો સ્વાદ તું લે.

પહેલાં ભગવાન આત્માને જગાડ! ભગવાનને જગાડ્યા વિના ગમે તેટલી ક્રિયા

કર તે ખોટી છે. અહીં ભગવાનને જગાડવા માટે પાઠમાં છ મહિના કહ્યું છે તે સામાન્ય કથન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. ૪૮ મીનિટમાં સમ્યકૃત્વ થઈ જાય અને વાર લાગે તો અનંતકાળે પણ થાય. પણ શિષ્યને માર્ગમાં લગાડવાની દૃષ્ટિથી જઘન્ય અને ઉત્કૃષ્ટકાળ ન બતાવતાં છ મહિના માટે પ્રેરણા કરી છે. છ મહિના એકાંત સ્થાનમાં બેસીને રાગ-દ્વેષના તરંગો છોડીને ચિત્તને એકાગ્ર કર ! યથાર્થ પુરુષાર્થ કરીશ તો જરૂર આત્મા મળશે. જેવી સંસારમાં લગની લગાડી છે તેવી આત્મામાં લગની લગાડ ! આત્માની જ ધૂન...ધૂન...આનંદસ્વરૂપને શોધવા ધૂન લગાવ ! એવી એકધારી ધૂન છ મહિના રહેશે તો તને આત્માનું ભાન થયા વિના નહિ રહે.

સામાન્ય રીતે છ મહિનાનો કાળ કહ્યો છે. આમ તો અંતર્મુહૂર્તમાં પલટો થઈ જાય છે. રાગ અને પુણ્ય ઉપર દૃષ્ટિ છે તે છોડીને અંતરદૃષ્ટિ કરતાં સમયાંતરમાં—એક સમયમાં આત્મભાન થઈ જાય છે પણ તેની ગતિવિધિની રીત આવડવી જોઈએ.

પિંડસ્થધ્યાન સંસ્થાવિચય ધ્યાનનો ભેદ છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આ રીતે ચાર પ્રકારનું સંસ્થાનવિચયધ્યાન હોય છે. શરીરમાં રહેલા આત્માનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન, પાંચ પદમાં રહેલાં પંચપરમેષ્ટીનું ધ્યાન તે પદસ્થધ્યાન, રૂપી શરીરમાં રહેલા અરૂપી આત્માનું ધ્યાન તે રૂપસ્થધ્યાન અને શરીર રહિત આત્માનું ધ્યાન કરવું તે રૂપાતીતધ્યાન કહેવાય છે.

હવે ત્રીજા કળશનાં ચોથા પદ્યમાં જીવ અને પુદ્ગલનું લક્ષણ કહે છે.

चेतनवन्त अनन्त गुण, सहित सु आतमराम ।
यातै अनमिल और सब, पुद्गलके परिनाम ॥ ४ ॥

જીવદ્રવ્ય ચૈતન્યમૂર્તિ છે, અનંતગુણ સંપન્ન છે, એનાથી ભિન્ન—અણમળતી બીજી બધી પુદ્ગલની પરિણતી છે. શરીર, વાણી અને મન તો જીવથી અણમળતા પુદ્ગલના જ ભાવ છે પણ જ્ઞાતાસ્વભાવ પાસે તો દયા-દાનાદિના પરિણામ પણ અણમળતાં ભાવ છે. તેથી અહીં તો શુભાશુભ બધાં ભાવને પુદ્ગલના પરિણામ કહી દીધા છે. જ્ઞાનની જ્યોતરૂપ વસ્તુ તે જ આત્મા છે તે સિવાય વ્રત, અવ્રતના વિકલ્પ ઊઠે કે શુભાશુભરાગ થાય તે પુદ્ગલના પરિણામ છે. તારા પરિણામ નથી.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલના પરિણામ છે એમ કહે છે. ષોડશકારણ ભાવનાનો વિકલ્પ તે રાગ છે અને રાગ છે તે પુદ્ગલ છે, કેમ કે રાગથી પુદ્ગલ બંધાય છે અને પુદ્ગલથી મળતો સંયોગ પણ પુદ્ગલ છે. તેમાં ક્યાંય ચૈતન્યની

ગંધ નથી. આત્માની સમીપ જઈને આનંદ અને શાંતિને વેદે તો ઉપવાસ કહેવાય. બાકી તો બધાં અપવાસ છે. કદાચિત્ રાગની મંદતા સાથે હોય તોપણ શુભભાવ તે આત્માનું સ્વવશપણું નથી, પરવશપણું છે માટે તે માઠો વાસ છે, ઉપવાસ નથી.

સંપ્રદાયમાં દીક્ષા લેતાં પહેલાં વરઘોડા કાઢે પણ ભાઈ! દીક્ષા શું છે તેની જ તને હજુ ખબર નથી માટે એ વરઘોડા નથી પણ વરજોળાં છે. દરેક પ્રકારના પુણ્ય–પાપના વિકલ્પથી આત્માને જુદો પાડીને સ્વરૂપમાં ઠરવું તે પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. પછી સ્વરૂપના આનંદમાં રમવું તે દીક્ષારૂપ ધર્મ છે.

यातै अनमिल और सब, पुद्गलके परिनाम । જેટલાં વિકલ્પ અને લાગણીના ભાવ છે તે આત્માના સ્વભાવથી અણમળતાં ભાવ છે માટે તેને જીવ નહિ કહેતાં અજીવ–પુદ્‌ગલ કહેવામાં આવે છે. ચૈતન્યના જ્ઞાન, દર્શન, આનંદ સિવાયના બધાં વિકલ્પરૂપ ભાવો ચૈતન્યથી અણમળતાં હોવાથી પુદ્‌ગલ છે.

અહા! સર્વજ્ઞ વીતરાગદેવ અને વીતરાગી સંતો સિવાય કોઈની તાકાત નથી કે રાગને પુદ્‌ગલ કહી શકે. મહાવ્રતના પરિણામને પણ જડ–પુદ્‌ગલ કોણ કહી શકે? અનંત ગુણસંપન્ન આત્માથી જુદી જે કોઈ પરિણતી છે તે પુદ્‌ગલની પરિણતી છે. અનંત ગુણસ્વરૂપ આત્મામાં એકાકાર થઈને શ્રદ્ધા–જ્ઞાન અને સ્થિરતા પ્રગટ થાય તે આત્માના પરિણામ છે, તે જ આત્માનો ધર્મ છે, બાકી બીજો કોઈ ધર્મ નથી. આ વીતરાગી સંતોના પોકાર છે.

[ ક્રમશઃ ]

---

## અહો! મારો આત્મા પરમાત્મસ્વરૂપ છે

સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મ-સ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો... હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે ચાલતાં અધિકારમાં સમ્યગ્દૃષ્ટિના પાંચમા ઉપગૂહનગુણની વાત કરે છે. આત્મા શુદ્ધ છે, તેના આશ્રયે નિર્વિકલ્પ પવિત્રદશા પ્રગટ થાય છે તે ધર્મ છે અને રાગ ને નિમિત્ત હોય છે તે વ્યવહાર છે પણ એનાથી ધર્મ થતો નથી તે કહે છે.

जो परदोसं गोवदि णियसुकयं णो पयासदे लोए ।
भवियव्वभावणरओ उवगूहणकारओ सो हु ॥ ४१९ ॥

અર્થ :—જે સમ્યગ્દૃષ્ટિ, પરના દોષને ઢાંકે-ગોપવે તથા પોતાના સુકૃત અર્થાત્ પુણ્ય-ગુણો લોકમાં પ્રકાશે નહિ—કહેતો ફરે નહિ પણ આવી ભાવનામાં લીન રહે કે 'જે ભવિતવ્ય છે તે થાય છે તથા થશે' તે ઉપગૂહનગુણવાળો છે.

ધર્માત્મા પરના દોષ ઉઘાડા પાડે નહિ. કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા, લોભાદિના દોષો હોય તો તેને ધર્મી ગોપવે છે. જ્યાં ત્યાં અવર્ણવાદ કે નિંદા ન કરે. અહીં ધર્મીની વાત છે. કોઈ મિથ્યાદૃષ્ટિ સ્વચ્છંદી બની પાપ કાર્યો કરે છે તેને ગોપવવાની વાત અહીં નથી. કેમકે જેને સાચી શ્રદ્ધાની જ ખબર નથી તેના આચરણમાં તો દોષ જ છે, પણ કોઈ ધર્મી જીવમાં દોષ હોય તો તેને ગોપવે એ ઉપગૂહનગુણ છે. ખોટાં શાસ્ત્રો વાંચીને પ્રરૂપણા કરતો હોય, જેને નીતિનાં પણ ઠેકાણાં ન હોય એવાઓની અહીં વાત નથી.

વળી ધર્મી જીવ પોતાના ગુણો જગત પાસે કહેતો ફરે નહિ એટલે કે પોતાના ગુણોની પ્રશંસા કરે નહિ. સમ્યગ્દૃષ્ટિનો નિર્ણય છે કે જે થવાનું હોય તે થાય છે અને એમ જ થશે, કોઈના હાથની વાત નથી. જુઓ, અહીં પણ ભવિતવ્યની વાત આવી છે. જાણે છે કે જે કાળે જે થવાનું છે તે જ થાય છે. તેથી તે પરના દોષોને ઉઘાડા પાડે નહિ, અને પોતાના ગુણોની પ્રશંસા કરે નહિ. બહારમાં એવો ઉદય હોય તો જ્ઞાનીની કદાચ નિંદા થાય અને અજ્ઞાનીની પ્રશંસા થાય પણ જ્ઞાની જાણે છે કે પરની પર્યાય મારાથી ફરે નહિ અને મારી પર્યાય પરથી ફરે નહિ. એટલે એનો અર્થ એ થયો કે જે સમ્યક્પણે ભવિતવ્યને માને તે જ સમ્યગ્દૃષ્ટિ છે. પરની પર્યાય એના કાળે એના કારણે થશે એવી શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિને હોય છે. સ્વભાવદૃષ્ટિપૂર્વક જે થવાનું હોય તે થાય છે એમ તે માને છે, પણ એકાંતે ભવિતવ્યને જ માને તો મિથ્યાદૃષ્ટિ છે.

ભાવાર્થ :—'જે કર્મનો ઉદય છે તે અનુસાર લોકમાં મારી પ્રવૃત્તિ છે અને જે થવા યોગ્ય છે તે જ થાય છે' એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને રહે છે. તેથી તે પોતાના ગુણને અને પરના દોષને પ્રકાશતો ફરતો નથી. વળી સાધર્મીજનમાં વા પૂજ્ય પુરુષોમાં કર્મોદયવશ કોઈ દોષ જણાય તો તેને છૂપાવે-ઉપદેશાદિકથી તે દોષ છોડાવે, પણ એમ ન કરે કે જેથી તેની અને ધર્મની નિંદા થાય. ધર્મ તથા ધર્માત્મામાંથી દોષનો અભાવ કરવો ત્યાં છૂપાવવું એ પણ અભાવ કરવા તુલ્ય છે અર્થાત્ જેને લોક ન જાણે તે અભાવ બરાબર જ છે. એ પ્રમાણે ઉપગૂહનગુણ હોય છે.

પૂર્વકર્મના ઉદય પ્રમાણે બહારમાં જશ કે અપજશ બોલાય છે. એક શેઠ હતો તે પૈસા તો વાપરતો હતો પણ તેને જશ મળતો ન હતો. એક વખત નાતમાં જમણવાર આપ્યું અને દિવસે મીઠાઈ બનાવી હતી, તેમાં વધારે ઘી નાખે તો નાત એનું સારું બોલે એમ વિચારીને રાત્રે ઊઠયો અને એક ખૂણામાં પાંચ ડબા એરંડિયાના પડયા હતા તે ઘીના જાણીને મીઠાઈમાં નાખ્યા. સવારે નાત જમવા બેઠી ત્યારે પોતાનું કેવું સારું બોલાય છે તે જોવા નીકળ્યો, તો નાતમાં દેકારો ઊઠયો-બૂમાબૂમ ઊઠી. આવો તેનો અપજશનો ઉદય હતો. તેથી સમ્યગ્દૃષ્ટિ વિચારે છે કે લોકમાં જે થવાનું હોય તે થાય છે—એમ જાણીને તે આકુળતા થવા દેતો નથી. જુઓ, આ સમ્યક્ ભવિતવ્યની વાત જગતના લોકોને બેસતી નથી અને પોકાર કરે છે કે આમાં પુરુષાર્થ રહેતો નથી. પણ અહીં તો કહે છે કે જે થવાનું હોય તે થાય છે એમ માનવું તે જ સમ્યગ્દર્શનનો પુરુષાર્થ છે.

ધર્માત્મા પોતાના સાધર્મી ભાઈઓ—શ્રાવક, શ્રાવિકાઓમાં કાંઈ દોષ જણાય તો ખાનગી કહીને તે દોષોને છોડાવે, પણ બહારમાં ફેલાવો કરે નહિ અને ધર્મની નિંદા થાય એમ પણ કરે નહિ. આ ધર્મી જીવના ચારિત્રના દોષોની વાત છે, પણ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા ન હોય અને આત્માનું ભાન હોય તે દોષો કરે અને છૂપાવે—ચલાવે છે તેવાની વાત અહીં નથી. પણ કોઈ ધર્મી જીવને કયારેક રાગાદિનો દોષ થતો જાણે તો તેને ગોપવે છે.

આગળ સ્થિતિકરણગુણ કહે છે :—

धम्मादो चलमाणं जो अण्णं संठवेदि धम्मम्मि ।
अप्पाणं पि सुदिढयदि ठिदिकरणं होदि तस्सेव ॥ ४२० ॥

અર્થ :—ધર્મથી ચલાયમાન થતાં એવા અન્યને ધર્મમાં સ્થાપવો તથા પોતાના આત્માને પણ (ધર્મથી) ચલિત થતો (ધર્મમાં) દૃઢ કરવો તેને નિશ્ચયથી સ્થિતિકરણગુણ કહે છે.

પોતા સિવાય અન્ય શ્રાવક, શ્રાવિકાને કે પોતાને શ્રદ્ધા કે ધર્મથી ચલાયમાન થતો જાણે તો ધર્મમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ ગુણ છે. જેને આત્માનું ભાન હોય તે સ્થિર કરે પણ જેને ભાન નથી શું સ્થિર કરે? સ્થિતિકરણ અંગમાં શ્રેણિક રાજાના વારિષેણ પુત્રનું શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. વિદ્યુત નામનો ચોર હતો. વેશ્યાના પ્રેમને લીધે તેણે એક શેઠને ત્યાંથી વેશ્યાને આપવા માટે હારની ચોરી કરી, પણ સિપાઈને ખબર પડવાથી તે એની પાછળ પડયો. વારિષેણકુમાર સ્મશાનમાં ધ્યાન કરતા હતા તેમની પાસે હાર નાખીને ચોર ભાગી છૂટયો. પોલીસે કુમાર ઉપર ચોરીનું આળ–તહોમત નાખ્યું, છતાં પોતે કાંઈ બોલતા નથી. કર્મના ઉદય પ્રમાણે જે થવાનું હશે તે થશે, તે ધર્મથી ડગતા નથી. પોલીસ તરવાર મારવા માટે ઉગામે છે પરંતુ તરવાર શરીર ઉપર લાગતી નથી. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, લોકોને રાજકુમાર ઉપર ઘણી પ્રીતિ હતી તેથી આ વાત સાંભળીને લોકો ખૂબ આનંદમાં આવી ગયા. થવાનું હશે તે થશે. એ દૃષ્ટાંતમાં તે સ્થિર રહ્યા. શ્રેણિક રાજાએ માફી માગી, કુમાર કહે છે કે પિતાજી, દુઃખી ન થાઓ—એમ કહીને પોતે મુનિપણું અંગીકાર કરે છે. આ રીતે ધર્મી જીવ કોઈનો દોષ કાઢતા નથી.

ભાવાર્થ :—ધર્મથી ચલિત થવાનાં અનેક કારણો હોય છે, ત્યાં નિશ્ચય-વ્યવહાર-રૂપ ધર્મથી પરને તથા પોતાને ચલિત થતો જાણી ઉપદેશથી વા જેમ બને તેમ દૃઢ કરવો તેને સ્થિતિકરણગુણ હોય છે.

ધર્મી પોતાના ધર્મમાંથી ડગતા નથી. પાપનો ઉદય હોય તો શરીરમાં રોગ પણ આવે, અને અજ્ઞાનીને પુણ્યનો ઉદય હોય તો શરીર સારું હોય, જગતના લોકો કહે છે કે 'કસાઈને ત્યાં કુશળ અને ધર્મીને ત્યાં ધાડ'–તે વાત ખોટી છે. કેમ કે એ તો બધી બહારના સંયોગની વાત છે. ધર્મી વર્તમાન બહારની પ્રતિકૂળતાને ગણતો નથી, પોતે ડગતો નથી, અસ્થિર થતો નથી. માટે ધર્મી હંમેશા અંતરમાં સુખી જ છે અને અધર્મી દુઃખી જ છે.

આગળ વાત્સલ્યગુણને કહે છે.

जो धम्मिएसु भत्तो अणुचरणं कुणदि परमसद्धाए ।
पियवयणं जंपंतो वच्छल्लं तस्स भव्वस्स ॥४२१॥

અર્થ :—જે સમ્યગ્દૃષ્ટિ જીવ ધાર્મિક અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક-મુનિજનોમાં ભક્તિવાન હોય, તેઓના અનુસારે પ્રવર્તે તથા પરમ શ્રદ્ધાપૂર્વક પ્રિયવચન બોલતો થકો પ્રવર્તે તે ભવ્યને વાત્સલ્યગુણ હોય છે.

ધર્મીને અન્ય ધર્મી પ્રત્યે પ્રેમ ઊછળે છે, સમ્યગ્દૃષ્ટિને સાચા ગુરુ પ્રત્યે કે

સાધર્મી પ્રત્યે પ્રેમ આવ્યા વિના રહે નહિ. તે દ્વેષ કરે નહિ. મારી આબરૂ કરતાં આની આબરૂ વધી ગઈ એમ દ્વેષ કરે નહિ. શિષ્ય કદાચ વહેલો મોક્ષે જાય તોપણ ગુરુને દ્વેષ થાય નહિ. જેમ જેને પોતાના દીકરા ઉપર પ્રેમ હોય ને તે પૈસામાં વધી જાય તો તેના પ્રત્યે દ્વેષ કરે નહિ. ઊલટો પ્રેમ અને ઉલ્લાસ બતાવે છે તેમ શિષ્યની દશા વધતી જાણી તેના ઉપર ધર્માત્માને દ્વેષ થતો નથી. શાસ્ત્રમાં રેવતી રાણીનું દષ્ટાંત આવે છે. એક મુનિ રેવતી રાણીને બ્રહ્મચારી સાથે ધર્મવૃદ્ધિ કહેવડાવે છે. ત્યારે તે બ્રહ્મચારી વિચાર કરે છે કે આ રેવતીબાઈ કેવી ? અને મુનિ કેવા ? તેની પરીક્ષા કરે છે. પોતે એક એક દિવસે બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું રૂપ ધારણ કરે છે. ચોથે દિવસે પચીસમા તીર્થંકરનું રૂપ કરીને સમવસરણાદિ રચે છે. લોકો રેવતીબાઈને કહે છે કે ચાલો પચીસમા તીર્થંકર પધાર્યા છે. બાઈ કહે છે કે પચીસમા તીર્થંકર હોય નહિ. પછી બ્રહ્મચારી પોતે અસલ રૂપમાં જાય છે ત્યારે તેનો આદર કરે છે, ત્યાં ભોજન કરે છે અને ઊલટી કરે છે પણ બાઈ દુગંછા કરતી નથી, ત્યારે બ્રહ્મચારી કહે છે કે અરે બાઈ ! મુનિએ ધર્મવૃદ્ધિ કહેલ છે. આ રીતે આખું ગામ ચળી ગયું પણ રેવતીબાઈ પોતાના ધર્મમાં અડગ રહ્યા.

ભાવાર્થઃ—ધર્મી, ધર્મી પ્રત્યે પ્રેમ જાહેર કરે, પોતે સેવક બને, આવે ત્યારે લેવા જાય અને જાય ત્યારે મૂકવા જાય. અનુકૂળ વર્તે, બોલવામાં, ચાલવામાં ધાર્મિકપ્રેમ જાહેર કરે, ગાયને વાછરડા ઉપર પ્રેમ હોય છે, વાછરડો ગાયને ઘાસ લાવી આપે કે ચાકરી કરે એવી આશા નથી પણ કુદરતી એના પ્રત્યે પ્રેમ હોય છે. એમ ધર્મી જીવને ધર્મી પ્રત્યે પ્રેમ હોય છે.

जो दसभेयं धम्मं भव्वजणाणं पयासदे विमलं ।
अप्पाणं पि पयासदि णाणेण पहावणा तस्स ॥ ४२२ ॥

અર્થઃ—જે સમ્યગ્દષ્ટિ, ભવ્યજીવોની પાસે પોતાના જ્ઞાનદ્વારા દશભેદરૂપ ધર્મને પ્રગટ કરે, તથા પોતાના આત્માને પણ દશ પ્રકારરૂપ ભેદથી પ્રકાશિત કરે તેને પ્રભાવનાગુણ હોય છે.

ભાવાર્થઃ—ધર્મને વિખ્યાત કરવો તે પ્રભાવનાગુણ છે, ત્યાં ઉપદેશાદિકથી તો પરમાં ધર્મને પ્રગટ કરે તથા પોતાના આત્માને પણ દશવિધધર્મના અંગીકારથી કર્મ-કલંકરહિત પ્રકાશિત કરે તેને પ્રભાવનાગુણ હોય છે. ધર્માત્મા દશ પ્રકારના ધર્મથી પોતાની શુદ્ધિ કરે છે અને પૂર્ણદશા નથી એટલે રાગ આવ્યા વગર રહેતો નથી, તે વ્યવહાર પ્રભાવના છે. પોતાની શુદ્ધિ થઈ તે નિશ્ચયપ્રભાવના અંગ છે. વર્તમાન અશુદ્ધતા છે તેની ગૌણતા કરીને શુદ્ધતાની મુખ્યતા કરે તે સાચી ધર્મની પ્રભાવના છે.

( ક્રમશઃ )

# એકાંત વ્યવહારાલંબી મિથ્યાદૃષ્ટિનું વર્ણન

[ શ્રી પંચાસ્તિકાય ગાથા—૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

એકાંત વ્યવહાર માનનાર મિથ્યાદૃષ્ટિ કેવા હોય તેની આ વાત છે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ગુરુ પણ મોક્ષમાર્ગનો જ ઉપદેશ દેનારા હોય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એના અવલંબન વિના જેટલા શુભાશુભભાવો છે તેનાથી ધર્મ માને તો તે જૈન ધર્મનો ઉપદેશ જ નથી. રાગથી ધર્મ થાય એવો ઉપદેશ આપે તો તે જૈનદર્શનનો ઉપદેશ જ નથી અને તેવો ઉપદેશ દેનારા તે ગુરુ નથી પણ કુગુરુ છે. ગુરુ કેવા હોય? તે "આત્માવલોકન"માં કહે છે કે :—

"वीतरागं वीतरागं जीवस्य निजस्वरूपो वीतरागं
मुहुर्मुहु गृणनाति वीतरागं, स गुरुपदं भासति सदा"

જીવનું નિજસ્વરૂપ વીતરાગ છે, એવા વીતરાગસ્વરૂપને જે વારંવાર ચિંતવે છે અને વારંવાર તે જ કહે છે—એવા જીવો ગુરુપદવીમાં શોભે છે' જે જીવ રાગને ઉપાદેય મનાવે, રાગ કરતાં કરતાં ધર્મ થવાનું મનાવે તો તે જીવ ગુરુ નથી પણ કુગુરુ છે.

વચ્ચે રાગ આવે પણ તે રાગથી ધર્મ થાય—એવું જૈનદર્શનમાં ત્રણકાળમાં નથી. ચિદાનંદ સ્વભાવને ચૂકીને એકાંત રાગથી ને વ્યવહારથી જે લાભ માને છે તે જીવને જૈનદર્શનની ખબર નથી. ખરો વાત્સલ્યભાવ પણ કોને હોય? ચિદાનંદ સ્વભાવના ભાનપૂર્વક વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુનો પ્રેમ અને સાધર્મીનું વાત્સલ્ય આવે તે વ્યવહારે વાત્સલ્ય છે. પણ જે જીવ ચૈતન્યનો પ્રેમ ચૂકીને એકલા પરના રાગથી મુક્તિ થવાનું માને છે તે તો વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. રાગથી મોક્ષ કેમ થાય? રાગ તો અંગારા સમાન છે ને મોક્ષ તો શાંતિમય છે. અગ્નિથી શાંતિ કેમ થાય? ચૈતન્ય જ્ઞાયક સ્વભાવનું ભાન કરીને પોતે પોતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે પરમાર્થ પ્રભાવના છે ને ત્યાં વચ્ચે ધર્મપ્રભાવનાનો ભાવ હોય છે, પણ અજ્ઞાની જીવ તો નિશ્ચયસ્વભાવના ભાન વગર એકલા શુભરાગની જ ભાવના ભાવે છે, ધર્મીને તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે ભાવની પણ ભાવના હોતી નથી, અજ્ઞાની રાગની ભાવના ભાવે છે, તેને તીર્થંકરનામકર્મ કદી બંધાતું નથી. દર્શનશુદ્ધિપૂર્વક સોળ-ભાવના હોય ત્યાં તીર્થંકરનામકર્મ બંધાઈ જાય છે. અજ્ઞાની એકલા શુભરાગથી ધર્મ મનાવીને તે રાગમાં વારંવાર ઉત્સાહ કરે છે, પણ દર્શનશુદ્ધિનું તો તેને ભાન નથી— એવો જીવ એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ છે.

વળી શાસ્ત્રસ્વાધ્યાય કરે, પઠન-પાઠન કરે અને તેનાથી સમ્યગ્જ્ઞાન થવાનું માને છે તે પણ મૂઢ છે. શાસ્ત્ર તરફના વલણના ભાવથી એમ માને કે હું જ્ઞાનભાવના કરું છું, પણ જ્ઞાન તો જ્ઞાયકમાં છે—એવું તેને ભાન નથી. જ્ઞાનનો વિનય કરે, શાસ્ત્રનું-ગુરુનું બહુમાન કરે—એવા પ્રકારના શુભ રાગથી જ્ઞાન ખીલશે એમ એકાંત માને છે, પણ જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન ખીલે છે—એમ નિશ્ચયસ્વભાવને માનતો નથી, ને એકલો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટી જશે—એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રભક્તિને અર્થે લાખો રૂપિયા ખર્ચે પણ કાંઈ પૈસાના આધારે ધર્મ નથી. શાસ્ત્રમાં કાંઈ જ્ઞાન નથી. શાસ્ત્રે કહેલો પોતાનો સ્વભાવ શું છે? તે સમજીને તેના અવલંબને જ્ઞાન પ્રગટે છે. અજ્ઞાનીઓ એવી દલીલ કરે છે કે સમયસાર વાંચવાથી એકાંત નિશ્ચય થઈ જાય છે, માટે સમયસાર ન વાંચવું જોઈએ અને તે માટે બનારસીદાસજીનો દાખલો આપે છે. પણ તે દાખલો બધાને લાગું ન પડે. તેઓ તો પહેલાં એકાંત નિશ્ચયાભાસમાં ઊતરી ગયા હતા. પણ તેથી કાંઈ સમયસારના અભ્યાસનો નિષેધ ન થઈ શકે. નિશ્ચય-સ્વભાવ સમજ્યા વગર એકલા વ્યવહાર ક્રિયાકાંડ ગમે તેટલા કરે તોપણ તેથી કિંચિત્ કલ્યાણ નથી. શાસ્ત્રનું બહુમાન કરે, ગુરુ વગેરેનો ઉપકાર સમજીને તેમનું બહુમાન કરે, ભક્તિ કરે, પણ ગુરુ તો કહે છે કે તારી પ્રભુતા તારા આત્મામાં ભરી છે, તેની પ્રતીત કર!—એવી પ્રતીત પોતે સ્વસન્મુખ થઈને કરતો નથી ને એકલા વિનય વગેરે રાગને જ ધર્મ માને છે તો તે વિનય મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! તારું સમ્યગ્દર્શન તારા દ્રવ્યના અવલંબને છે, કાંઈ ગુરુ પાસે તારું સમ્યગ્દર્શન પડ્યું નથી. છતાં સાચા જ્ઞાની ગુરુ મળ્યા વગર કોઈ જીવ પોતાની મેળે સ્વચ્છંદે સમ્યક્ત્વ પામી જાય—એમ પણ બનતું નથી. પામનાર જીવને નિમિત્ત તરીકે સદ્ગુરુ હોય છે જરૂર, પછી આ ભવે મળ્યા હોય કે પૂર્વ ભવે મળ્યા હોય પણ ગુરુ હોય છે જરૂર, છતાં ગુરુથી જ્ઞાન પામી જાય એમ પણ નથી.

શુભરાગ વચ્ચે આવે છે ખરો પણ સ્વભાવને ચૂકીને એકલા તે રાગમાં જ ધર્મ માનીને જે પ્રવર્તે છે તે મિથ્યાદૃષ્ટિ વ્યવહારમૂઢ છે. ગણધરદેવને પણ ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પ્રગટ્યાં હોવા છતાં પૂર્ણ વીતરાગી સ્થિરતા પ્રગટી ન હોય ત્યાં જ્ઞાનાચાર વગેરેનો શુભવિકલ્પ આવે છે. વિકલ્પ આવે તે જુદી વાત છે, પણ તેને જ ધર્મ માનીને ત્યાં રોકાઈ જવું તે મિથ્યાત્વ છે.

અહિંસા પાળું, સત્ય બોલું, ચોરી ન કરું, બ્રહ્મચર્ય પાળું ને પરિગ્રહ છોડું એવા પંચમહાવ્રતના વિકલ્પ તે પણ શુભરાગ છે, આસ્રવ છે. અજ્ઞાની તે રાગને જ સર્વસ્વ માની લયે છે. પણ રાગ તો અધ્યવસાય છે, સર્વજ્ઞદેવે સર્વ અધ્યવસાનોને

ત્યાજ્ય કહીને વ્યવહારનયનો જ ત્યાગ કરાવ્યો છે. અમૃતચંદ્રાચાર્યદેવ સમયસારમાં કહે છે કે :—

સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે,' તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?' (શ્રી સમયસાર કળશ ૧૭૩)

આ શ્લોકની ટીકા કરતાં બનારસીદાસજી નાટક સમયસારમાં કહે છે કે—

असंख्यात लोक परवांन जे मिथ्यातभाव,
तेई विवहारभाव केवली उकत हैं।
जिन्हकौ मिथ्यात गयौ सम्यक् दरस भयौ,
ते नियत लीन व्यवहारसौं मुकत हैं॥

અહો! ભગવાને તો નિશ્ચય સ્વભાવનું જ અવલંબન કરાવીને સમસ્ત વ્યવહારને છોડાવવાનો ઉપદેશ કર્યો છે. જે શુદ્ધસ્વભાવનું અવલંબન કરે છે તે જીવ સમસ્ત વ્યવહારના વિકલ્પોને છોડીને મુક્તિ પામે છે. વ્યવહારનયના અવલંબનથી લાભ માને તેને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

છઠ્ઠા ગુણસ્થાને સંતોને પંચમહાવ્રતનો શુભવિકલ્પ આવે તે પણ આસ્રવ છે, તે બહિરધર્મ છે, એટલે કે ખરેખર તે ધર્મ નથી. રાગ તે ધર્મ કેમ હોય? શાસ્ત્રોનું તાત્પર્ય તો વીતરાગભાવ છે ને તે જ ધર્મ છે. પંચમહાવ્રતનો રાગભાવ પણ નિશ્ચયથી અચારિત્ર છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો વીતરાગી સ્વરૂપ આચરણ છે અને તે જ ખરું ચારિત્ર છે. નિશ્ચયસ્વભાવની સ્થિરતાપૂર્વક વચ્ચે પંચમહાવ્રત વગેરેનો ભાવ આવે ખરો, પણ જ્ઞાની તેને ધર્મ નથી માનતા, અજ્ઞાની તે સ્વભાવને ચૂકીને રાગને જ ધર્મ માને છે તેથી શુભરાગની સાથે મિથ્યાત્વ સેવાય છે. તેથી તેના શુભરાગની શી ગણતરી? તેના શુભરાગને તો મિથ્યાત્વરૂપી મોટો પાડો ચાવી જાય છે. પહેલાં રાગ સર્વથા ટળે નહિ, પણ રાગની રુચિ છૂટીને સ્વભાવની રુચિ થવી જોઈએ. જેને જેવી રુચિ હોય તેવી વાતનું તે ચોવીસે કલાક અનુમોદન આપ્યા કરે છે અને તેવા ભાવને ઘૂંટયા કરે છે. જેને સ્વભાવની રુચિ થઈ છે તે ક્ષણેક્ષણે સ્વભાવનો જ આદર કરે છે, રાગ હોવા છતાં તેનો આદર કે રુચિ નથી. અજ્ઞાની સ્વભાવની

રુચિ છોડીને, રાગની રુચિથી પાંચ સમિતિ વગેરેના શુભભાવ કરે છે. તે એકાંત વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. પરજીવની રક્ષા કરવી તેને અજ્ઞાની ધર્મ કહે છે પણ પરજીવની રક્ષા તો કોઈ જીવ કરી શકતો જ નથી. તેથી તે કાંઈ જૈનધર્મ નથી અને પરજીવની રક્ષાનો શુભરાગ થાય તે પણ જૈનધર્મ નથી. જૈનધર્મ તો વીતરાગભાવ છે ને તે વીતરાગભાવ ચિદાનંદસ્વભાવના અવલંબને છે. અજ્ઞાની જીવ રાગમાં ધર્મ માને છે તેથી પાંચ સમિતિ ગુપ્તિ વગેરે રાગમાં જ તે પોતાના ઉદ્યમને સર્વથા જોડી દે છે. સ્વભાવ તરફનો કિંચિત્ ઉદ્યમ તે કરતો નથી તેથી તે એકાંત વ્યવહારી મિથ્યાદૃષ્ટિ છે.

વળી, બહારમાં અનશન કરે, ઓછું ખાય, અમુક વસ્તુ છોડી દે, રસ છોડીને લૂખું ખાય, એકાંતવાસમાં રહે, કાયકલેશ કરે, એ પ્રમાણે દંભથી નહિ પણ મંદકષાયથી કરે, અને તેમાં ધર્મ માનીને સદાય ત્યાં જ ઉત્સાહ કર્યા કરે,—એ પ્રમાણે શુભમાં પ્રવર્તીને તેને ધર્મ માને છે તેને ધર્મ કિંચિત્ નથી. અજ્ઞાની માને છે કે બહારની વસ્તુનો ત્યાગ કરું તો ધર્મ થાય. પણ ભાઈ ! બહારની વસ્તુ તો તારાથી છૂટેલી જ પડી છે, તેનો ત્યાગ કરવાનું માનીને તેનો અહંકાર કરે છે તેણે 'સ્વધર્મનો ત્યાગ' કર્યો છે; સ્વભાવના આશ્રયે શુદ્ધતા થતાં રાગ તૂટે છે, તેનું ભાન નથી ને બહારમાં ત્યાગ કરું તો રાગ છૂટે—એમ અજ્ઞાની માને છે. તું તારા જ્ઞાયકસ્વરૂપને સંભાળ ને તેમાં એકાગ્ર રહે તેનું નામ ખરું વિવિક્ત શય્યાસન વગેરે તપ છે. પરદ્રવ્ય લાભ—નુકસાન કરતું નથી. એમ જે સમજે તેને પરદ્રવ્યના સંગની ભાવના છૂટીને સ્વભાવની ભાવના થાય, ને તેનો રાગ ઘણો તૂટી જાય. પરદ્રવ્યથી નુકસાન નથી માટે ગમે તેવો સ્વછંદ ભાવ સેવવો-એવો એનો અર્થ નથી. સ્વછંદભાવ સેવે તે તો એકલા પાપને સેવે છે, તેની અહીં વાત નથી. અહીં તો જે જીવ અશુભભાવ છોડીને વ્રત-તપ વગેરેના શુભભાવ કરે છે, ને તે શુભરાગને જ ધર્મ માને છે, પણ સ્વભાવનું ભાન કરતો નથી—તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવનું અવલંબન કરતો નથી ને રાગમાં જ સર્વસ્વ માની લ્યે છે-તે જીવને બિલકુલ ધર્મ થતો નથી.

સહેજ પાપ લાગે ત્યાં સરળતાથી પ્રાયશ્ચિત લ્યે, દેવ-ગુરુની સેવા કરે, વિનય કરે, શરીરથી ઉદાસીનતા રાખે, સ્વાધ્યાય કરે, ને શુભ વિકલ્પોરૂપ ધ્યાન કરે, એવા શુભભાવ કરે ને તે રાગને જ મોક્ષનું કારણ માને પણ ચૈતન્યસ્વભાવને જાણે નહિ-તો તે વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવની દૃષ્ટિ વગર એકલી શાસ્ત્ર તરફની બુદ્ધિ તે પણ કલંકિતબુદ્ધિ છે. સ્વભાવને તો પઢતો નથી ને એકલા શાસ્ત્રને પઢીને તેનાથી કલ્યાણ માને છે તો તે જીવ બહિર્મુખ બુદ્ધિવાળો છે. ચૈતન્યસ્વભાવની રુચિ કરે નહિ

ને રાગની રુચિ કરીને તેને ધર્મ માને તે જીવને ચૈતન્યનું ધ્યાન હોય નહીં. શુભવિકલ્પ કરીને તેને તે ધ્યાન માને છે, પણ તે ખરું ધ્યાન નથી. શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે-

ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે,
સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે,
સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી,
લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.

જ્ઞાનાર્ણવ વગેરેમાં વ્યવહારધર્મધ્યાનના અનેક પ્રકારોનું વર્ણન આવે છે, પણ તે તો શુભરાગ છે, ચૈતન્યના ધ્યાનપૂર્વક એવો શુભવિકલ્પ હોય તેને વ્યવહારે ધર્મધ્યાન કહી દીધું, પણ જેને હજી ચૈતન્યનું ભાન નથી ને બહારના ક્રિયાકાંડના રાગથી ધર્મ માને છે તેને તો નિશ્ચયધ્યાન હોતું નથી, ને નિશ્ચયધર્મધ્યાન વગર શુભરાગને વ્યવહારધ્યાન પણ કહેવાય નહિ. આત્મસ્વભાવ તરફ અંશે પણ વીર્ય વાળતો નથી, જ્યાં સ્વભાવના આશ્રયની વાત આવે ત્યાં તેનો તો નકાર આવે છે, ને શુભરાગરૂપ વ્યવહારના અવલંબનમાં જ સર્વશક્તિને રોકી દીધી છે, એવો જીવ એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ છે. કર્મચેતનાની પ્રધાનતાથી અશુભ કર્મની પ્રવૃત્તિને તો દૂર કરી છે, ને શુભ કર્મની પ્રવૃત્તિને અંગીકાર કરીને તેમાં પ્રવર્તે છે, પણ કર્મચેતનારહિત શુદ્ધ જ્ઞાનચેતના શું છે તેને જાણતો નથી, તે જીવ ક્રિયાકાંડના આડંબરથી ગર્ભિત છે, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી ગર્ભિત એવી શુદ્ધ જ્ઞાનચેતનાને તે કોઈ કાળમાં પામતો નથી. એવા જીવને શું થાય છે? કે ઘણાં પુણ્ય આચરણના ભારથી ગર્ભિત ચિત્તવૃત્તિને તે ધારણ કરે છે. શુભભાવમાં તે ખેદખિન્ન-આકુળવ્યાકુળ રહે છે, એવા જીવોને માટે કહ્યું છે કે—

"સૌ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય?"

ચિદાનંદ સ્વભાવનું ભાન નથી ને કેવળ વ્યવહારનયના અવલંબને લાભ માને છે એવા કેવળ વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ જીવ શુભભાવથી સ્વર્ગ વગેરેના કલેશની પરંપરાને પામે છે. અજ્ઞાનીને સ્વર્ગમાં પણ કલેશ છે. "અત્યારે પુણ્ય કરીને સ્વર્ગમાં જશું ને ત્યાંથી ભગવાન પાસે જઈને સમ્યગ્દર્શન પામશું"—એમ વર્તમાનમાં જે જીવ રાગની રુચિ કરે છે તે મિથ્યાદષ્ટિ છે. અજ્ઞાનીને જ્ઞાન કળાનું ભાન નથી, પરમજ્ઞાનકળાના અભાવથી અજ્ઞાની જીવ બહુકાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે. જુઓ, જ્ઞાનીને જ્ઞાનકળા જાગી છે તેને રાગની રુચિ હોતી નથી, તે સહજ વૈરાગી છે. બનારસીદાસજી કહે છે કે— [ અનુસંધાન જુઓ પાનું ૨૮ ]

## જ્ઞા....ન....ગો....ષ્ઠી

(પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો)

પ્રશ્નઃ—જેના પ્રતાપે જન્મ-મરણ ટળે ને મુક્તિ મળે એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમા આરામાં જલ્દી થઈ જાય?

ઉત્તરઃ—પાંચમા આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમા આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે, કાયરનું કામ નથી. પાંચમા આરામાં ન થઈ શકે—હમણાં ન થઈ શકે એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ, કાલે કરીશ એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ, આજે જ કરીશ-એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ-આરો શું નડે?-શું કરે?

પ્રશ્નઃ—આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય?

ઉત્તરઃ—વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે-પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત-શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે—બતાવે છે.

પ્રશ્નઃ—વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?

ઉત્તરઃ—રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશીક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં-દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે.

પ્રશ્નઃ—ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે?

ઉત્તરઃ—ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ. કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ કે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય.

*

[તા. ૫-૧-૯૫]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા

સવારે ૮–૪૫ થી ૯–૪૫ : શ્રી નિયમસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન

સવારે ૧૦–૦૦ થી ૧૦–૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩–૦૦ થી ૪–૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન

બપોરે ૪–૦૦ થી ૪–૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪–૧૫ થી ૫–૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭–૩૦ થી ૮–૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી 'શ્રી સમયસાર નાટક' ઉપર આધ્યાત્મિક ટેપ–પ્રવચન.

* નાતાલ–વેકેશનનો તા. ૨૪–૧૨–૯૪ થી તા. ૨–૧–૯૫નો દસ દિવસીય શિક્ષણવર્ગ સુચારુરૂપે ચાલ્યો હતો. ઉત્તમવર્ગમાં બ્ર૦ શ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી સમયસારના કળશ ૫, ૬, ૭ તથા ગાથા–૧૩ ઉપર અને બપોરે શ્રી મોક્ષમાર્ગ–પ્રકાશક સાતમા અધિકારમાંથી 'ઉભયનયાભાસી' ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈએ સવારે શ્રી જૈનસિદ્ધાંત–પ્રશ્નોત્તરમાળા ઉપર અને બપોરે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકાર ઉપર શિક્ષણ આપ્યું હતું. શિક્ષણનો લાભ લેવા બહારગામથી પણ ઘણા મુમુક્ષુઓ આવ્યા હતા. મુમુક્ષુબહેનો માટે પણ શિક્ષણની અલગ વ્યવસ્થા રાખવામાં આવી હતી; બ્ર૦ બહેનોએ તેમને શિક્ષણ આપ્યું હતું.

* શ્રી ઋષભનિર્વાણદિનઃ—પોષ વદ–૧૪, રવિવાર, તા. ૨૯–૧–૯૫ના રોજ પરમપૂજ્ય ૧૦૦૮ શ્રી આદિનાથ ભગવાનના વીતરાગભાવવાહી વિશાળ જિનબિમ્બ સમક્ષ શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલયમાં શ્રી ઋષભ–નિર્વાણ–વાર્ષિકપર્વ વિશેષ પૂજાભક્તિ-પૂર્વક ઉજવવામાં આવશે.

* વિક્રમ સંવત ૧૯૯૭માં પંચકલ્યાણક–મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠા–તિથિ,—માઘ વદી–૧૦, શુક્રવાર તા. ૨૪–૨–૯૫થી ફાગણ સુદ–૨, શુક્રવાર તા. ૩–૩–૯૫—આઠ દિવસ સુધી અધ્યાત્મજ્ઞાનોપાસના, 'વીસ–વિરહમાન જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે. *

## વૈરાગ્ય સમાચાર:—

* શ્રીમતી જયાબેન ભૂપતલાલ શાહ (વર્ષ–૬૭) તા. ૨૮–૮–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી જયંતિલાલ શાંતિલાલ શાહ (ઘડિયાળી) (વર્ષ–૬૫) તા. ૧–૧૨–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાગપુરનિવાસી શ્રી યોગેશભાઈ નંદલાલ શાહ (શ્રી પ્રતાપરાયના ભાઈ) (વર્ષ–૫૧) તા. ૧૨–૧૨–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી શ્રી જશવંતલાલ રાજપાલ શાહ (ભાવેશ મેડીકલ સ્ટોર્સવાળા) (વર્ષ–૫૨) તા. ૨૫–૧૨–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી (હાલ મલાડ) ગં. સ્વ. શ્રી શાંતાબેન જમનાદાસ કામદાર (વર્ષ–૮૦) તા. ૨–૧૨–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતા શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

---

[ એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિનું વર્ણન....પાનું ૨૫થી ચાલુ ]

"જ્ઞાનકલા જિનકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી;
જ્ઞાની મગન વિષયસુખમાંહી, યહ વિપરીત સંભવે નાહીં."

જ્ઞાનીને સ્વભાવનું ભાન થયું એટલે તે સહજ વૈરાગી હોય છે, તેને વિષયમાં સુખબુદ્ધિ હોય એમ કદી બનતું નથી. આવા જ્ઞાની તો અલ્પકાળમાં મોક્ષ પામે છે, ને વ્યવહારની રુચિવાળો જીવ અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરે છે.

એ પ્રમાણે એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિનું વર્ણન કર્યું. હવે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિનું વર્ણન કરશે. (ક્રમશઃ) —*—

---

# 卐 પ્રયોજન 卐

* આત્મા પરદ્રવ્યને કરી કે ભોગવી શકતો નથી એમ જાણીને પરદ્રવ્યનું કર્તા-ભોક્તાપણું છોડીને સ્વસન્મુખ થવાનું છે.

વિકારનો કર્તા-કર્મ નથી-તેમ કહીને કર્મ તરફની પરાધીન દૃષ્ટિ છોડાવવી છે.

વિકારનો કર્તા જીવ નથી પણ કર્મ છે, કર્મ વ્યાપક થઈને વિકારને કરે છે—તેમ કહીને એક સમયના ઉપાધિ ભાવથી ભેદજ્ઞાન કરાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવી છે.

વિકાર તે સમયની યોગ્યતાથી થવાનો હતો તે જ થયો છે—તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે.

વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધ-પર્યાયના સ્વકાળનું સત પરિણમન બતાવી વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દૃષ્ટિ કરાવવી છે.

નિર્મળ પરિણામ પણ ક્રમબદ્ધ છે—તેમ બતાવી શુદ્ધ પર્યાયના એક અંશ ઉપરથી પણ લક્ષ છોડાવી ત્રિકાળી ધ્રુવ ઉપર લક્ષ કરાવવું છે.

પર્યાયનો કર્તા પરદ્રવ્ય નથી—તેમ કહીને પરદ્રવ્યથી દૃષ્ટિને છોડાવી સ્વદ્રવ્યમાં વાળવી છે.

પર્યાયનો કર્તા સ્વદ્રવ્ય પણ નથી, પર્યાય પર્યાયના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે—એમ પર્યાયની સ્વતંત્રતા બતાવીને પર્યાય ઉપરનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ કરાવવી છે.

વિકાર કે નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ દ્રવ્ય નથી પણ પર્યાય જ પર્યાયનો કર્તા છે, બંધ-મોક્ષપરિણામને ધ્રુવ દ્રવ્ય કરતું નથી—એમ બતાવીને પર્યાયની સન્મુખતા છોડાવી ધ્રુવની સન્મુખતા કરાવવી છે.

* આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદકુંદાચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલ વાતુ છે. અદ્ધર-અદ્ધરની વાત નથી એ...આ વાતુ ક્રોડો ને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી, ચક્રવર્તીના રાજ્ય ડુલે તોપણ મળે એવી નથી.

—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી

ફોન નં. ૨૩૪ “ આત્મધર્મ ” Regd. No. GBV. 10

## * અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ *

આહાહા! ભગવાન તારામાં દેહ-મન-વાણી તો નથી જ અને રાગ પણ તારામાં નથી પણ અહીં તો એથી ઊંડી વાત કરે છે કે તારામાં શુદ્ધપર્યાય પ્રગટે છે, શુદ્ધપર્યાય વધે છે, પૂર્ણ શુદ્ધપર્યાય થાય છે — એવી ધ્યાનાવલી તારામાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. કેમકે તું તો ત્રિકાળીતત્ત્વ સદાય કલ્યાણસ્વરૂપ શુદ્ધ જ છો. અરે! આ પંચમ આરો છે ને સભાને જોઈને તો વાત કરો! અરે ભાઈ! સાંભળ...સાંભળ! અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ.

—કરુણાસિંધુ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ‘ Licensed to Post without prepayment ’

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે ( સી-મેઈલથી ) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે ( સી-મેઈલથી ) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

356 Smt. Kantaben M. Ajmera
: No. 2, Sita Burdy,
GPUR-440012